

**ગાંધીનગર તાપમાન**


મહત્તમ : ૪૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૩૯ ટકા ● સાંજે ૨૦ ટકા

# અક્ષરધામના સેવકની લૉકડાઉન દરમ્યાન અનોખી ચિત્રકળા સાધના

## સે-૩૦માં રહેતા સંજીવભાઇ પંડયાએ લોકડાઉન દરમ્યાન પેન્સિલ ડ્રોઈંગ કરીને અઠળક સુંદર ચિત્રો દોર્યા








ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરમાં કોરોના વાયરસના વધી રહેલા જોખમી સંક્રમણથી મોટા ભાગના નાગરિકો ભયભીત છે તો હજુ પણ કેટલાક નાગરિકોને તેની ગંભીરતા સમજાતી નથી તેથી લૉકડાઉન તોડી ઘરની બહાર રખડવા નીકળી પડે છે જેના કારણે પોતાની જાત સાથે પોતાના પરિવારને પણ જોખમમાં મૂકે છે. બીજી તરફ એવા પણ નાગરિકો છે જે આ વાસ્તવિકતાને સ્વીકારીને લૉકડાઉનનો ચુસ્તપણે અમલ કરવા સાથે મળેલા ફાજલ સમયનો ઉપયોગ પોતાની સર્જનાત્મકતાને ખીલવવા માટે કરી રહ્યા છે. આ સમય દરમિયાન તેઓ પોતાના શોખને વિકસાવી આત્મસંતોષ પ્રાપ્ત કરી રહ્યા છે. ગાંધીનગરના સેક્ટર-૩૦માં રહેતા ૫૬ વર્ષીય સંજીવભાઇ પંડયા પોતાના ઘરમાં રહીને જ એક એકથી ચડિયાતા ચિત્રો બનાવી રહ્યા છે.





ગાંધીનગરના સુપ્રસિદ્ધ અક્ષરધામ ખાતે છેલ્લા વીસેક વર્ષથી સેવા આપતા સંજયભાઇ પંડયા મૂળ ભાવનગરના વતની છે અને કાર્ટૂન સિરિઝ ચિત્રકળાના જાણીતા ચિત્રકાર અજીતભાઇ પંડયાના તેઓ પુત્ર છે. અત્યારે લોકડાઉન દરમિયાન જ્યારે દેશના તમામ ધર્મસ્થાનોને બંધ રાખવાનો સરકારે આદેશ કર્યો છે ત્યારે ગાંધીનગરનું અક્ષરધામ પણ બંધ કરી દેવામાં આવ્યું છે. આ સ્થિતિમાં પ્રાપ્ત થયેલા ફાજલ સમયનો સંજયભાઇ પંડયા પોતાને વારસામાં મળેલી ચિત્રકલાના શોખને વધુ વિકસાવવા માટે ઉપયોગ કરી રહ્યા છે. આમ તો તેઓ નિયમિત ચિત્રકામ કરે છે પરંતુ જ્યારથી ગાંધીનગરમાં લોકડાઉન અમલમાં આવ્યું છે ત્યારથી સંજયભાઇ પંડયાએ પોતાના ઘરે રહીને પેન્સિલ ડ્રોઈંગ કલાના માધ્યમથી અનેક સુંદર ચિત્રો તૈયાર કર્યા છે. તેમની ચિત્રકલાના શોખમાં વિવિધ પક્ષીઓ તથા પ્રાણીઓના ચિત્રો સવિશેષ જોવા મળે છે જે તેમના જીવદયા સાથે પ્રકૃતિ પ્રેમભર્યા સ્વભાવ અને અભિગમનું પ્રતિબિંબ છે. આ સાથે તેમણે બીએપીએસના પૂજ્ય મહંત સ્વામીનું ચિત્ર દોરી તેમના પ્રત્યે શ્રદ્ધા પૂર્ણ આદરભાવ વ્યક્ત કર્યો છે. સંજયભાઇ પંડ્યા માને છે કે 'અત્યારે નાગરિકોએ સમયની જરૂરિયાત સમજીને લોક નામનું ચુસ્ત પણે પાલન કરી સરકારને સંપૂર્ણ સહકાર આપવો જોઇએ જેથી આપણે ઝડપથી આ મહામારી ના સંકટમાંથી બહાર આવી શકીએ. લોકડાઉનમાં મળેલા ફાજલ સમયનો ઉપયોગ આપણામાં રહેલી કોઈ પણ સુષુપ્ત કલા કે આવડત જે આપણામાં ધરબાયેલી પડી હોય તેને ઓળખી તેને વિકસાવવા માટે પ્રયાસ કરવો જોઈએ જેના કારણે લોકડાઉનના સમયમાં આવી રહેલા કંટાળાને દૂર કરી આ સમયનો આપણે સારો ઉપયોગ કરવા સાથે તેને માણી પણ શકીએ. દરેક વ્યક્તિએ જીવનમાં પોતાના નોકરી-ધંધા, વ્યવસાય કે અભ્યાસ સિવાય કોઈ એક કળા પણ વિકસાવવી જોઈએ જેથી જીવનમાં ક્યારેય ખાલીપણાનો અહેસાસ નહીં થાય.'





ગાંધીનગરમાં છેલ્લા એક બે દિવસમાં જ કોરોનાના કેસોમાં ઝડપી ઉછાળ આવ્યો છે. મોટા ભાગે લોકડાઉનનો ચુસ્તપણે અમલ કરતા ગાંધીનગર શહેરના વસાહતીઓ હવે વધુ સજાગ બની ગયા છે. સેકટર-૬ના રહેવાસીઓ હવે વધુ સજાગ બની લોકડાઉનનું જડબેસલાક રીતે પાલન કરાવી રહ્યા છે. યુવાનોને સેકટરના નાકે બેસાડી અવરજવરને પ્રતિબંધિત કરવામાં આવી છે.

# વાવોલ થઈને ગાંધીનગરમાં પ્રવેશવાના માર્ગ પરથી કોરોના કેરિયર્સની એન્ટ્રીનું જોખમ

## જીઆઈડીસી તરફના ક-માર્ગ પર લોડિંગ ટ્રાફિક સતત ચાલુ હોવાથી તેની આડશનો ખાનગી વાહનો ઉપયોગ કરી શકે છે : નાકા પોઈન્ટ પર પોલીસે સતર્કતા વધારી





ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેર સહિત જિલ્લામાં આજે જે રીતે કોરોના પોઝિટિવ કેસોની સંખ્યામાં ઉછાળો આવ્યો છે તેના કારણે નાગરિકોમાં ચિંતાનો માહોલ સર્જાયો છે. અચાનક વધેલા કેસોની કારણે સફાળા જાગેલા વહીવટી તંત્ર દ્વારા ગાંધીનગરના પ્રવેશદ્વારોને જડબેસલાક સુરક્ષા દ્વારા બંધ કરીને અમદાવાદ સહિત બહારગામથી આવતાં કોરોના કેરિયર્સને અટકાવવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. આ સ્થિતિમાં ગાંધીનગરના વાવોલ ખાતેથી ઉવારસદ તરફથી તેમજ પુન્દ્રાસણ તરફથી આવતા માર્ગો દ્વારા અમદાવાદ તેમજ કડી કલોલ તરફથી ખાનગી વાહનની અવર જવર રહેતી હોવાને કારણે વાવોલના રહીશો પણ ચિંતામાં મુકાયા છે. બીજી તરફ પોલીસ દ્વારા આ માર્ગ પરના નાક?ા પોઈન્ટ પર સતર્કતા વધારી દેવામાં આવી છે.

થોડા દિવસો પૂર્વે ગાંધીનગર શહેર કોરોના મુક્ત બન્યું હોવાની શહેરના મેયરે ઉત્સાહપૂર્વક જાહેરાત કરી હતી પરંતુ તેમની અને પાટનગરવાસીઓની આ ખુશી બહુ લાંબો સમય ટકવા પામી નથી અને માત્ર ગણતરીના દિવસોમાં જ ગાંધીનગર શહેર સહિત જિલ્લામાં કોરોના પોઝિટિવ કેસોમાં ચિંતાજનક રીતે ઉછાળો આવ્યો છે. ગુજરાતભરમાં કોરોના પોઝિટિવ કેસોનું એપીસેન્ટર બની ચૂકેલા અમદાવાદના અત્યંત નજીકના પાડોશી શહેર હોવાને કારણે તેમજ અમદાવાદ તરફથી કોરોના કેરિયર્સ ગાંધીનગર આવી શકે છે તેવી શક્યતાની વહીવટીતંત્ર દ્વારા અવગણના કરવાને પગલે આ સ્થિતિ સર્જાઈ હોવાનું અનેક નાગરિકો માની રહ્યા છે. ગાંધીનગરમાં પ્રવેશવાના માર્ગો પૈકી ઉવારસદ-વાવોલ અને પુન્દ્રાસણ-વાવોલ તરફના માર્ગો જે શહેરના 'ક' માર્ગ અને વાવોલ ગામમાં થઈને પાટનગરના માર્ગ નં.૩ને જોડાય છે. વળી શહેરની જીઆઈડીસી તરફથી આવન-જાવન કરતા માલવાહક વાહનોને ક-માર્ગ બાયપાસ માર્ગ તરીક ફાળવેલ હોવાથી આ માર્ગે લોડિંગ વ્હિકલ્સની અવરજવર સતત ચાલુ રહેતી હોય છે. આ સ્થિતિનો લાભ લઈને કેટલાક ખાનગી વાહનો અમદાવાદ કે કલોલ તરફથી ગાંધીનગરમાં પ્રવેશવા માટે આ માર્ગોનો ઉપયોગ કરતા હોવાની વાવોલના રહીશોનું માનવું છે. આ કારણે અત્યાર સુધી કોરોના ચેપ મુક્ત રહેલા વાવોલ ગામના રહીશોને પણ કોરોના સંક્રમણની ચિંતા સતાવી રહી છે. આ બાબતે વાવોલ પોલીસ ચોકીના પીએસઆઈ એ.એમ.ચૌધરીને આ બાબતે જાગૃત રહીશો દ્વારા ધ્યાન દોરવામાં આવતા તેમણે આ માર્ગો પરના એન્ટ્રી પોઈન્ટ પર ખાનગી વાહનોની અવરજવરની કડક ચકાસણી કરવા સાથે સુરક્ષા વ્યવસ્થા સઘન કરી દેવાની હૈયાધારણ આપી હતી.



ઉનાળાનો સૌથી મોટો કોઈ આનંદ હોય તો તે છે કેરી. કેરી ખાવાની સીઝન હવે જામી રહી છે. બજારોમાં ધીમે ધીમે કેરી દેખાઈ રહી છે. હવે થોડાક જ દિવસોમાં કેસર કેરી બજારોમાં આવી જશે. લૉકડાઉન હોવાથી હજુ બજારોમાં કેરીનો માલ વધુ માત્રામાં આવ્યો નથી. આ વખતે કેરીનું એકસપોર્ટ બંધ હોવાથી સારી જાતની કેરી ખાવા મળશે તેવું અનુમાન છે પરંતુ ભાવ કેટલો રહે છે તેના પર કેરીનો ઉપાડ રહેશે. હાલમાં તો કેરીઓ ગ્રાહકોની રાહ જોઈ રહી છે.

# શહેરમાં સીસીટીવી ફુટેજને પગલે વાહનચાલકો સામે કાર્યવાહી

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરમાં લોકડાઉનની સ્થિતિમાં ટું-વ્હીલર પર એક વ્યકિત અને કારમાં બે વ્યકિત જ આવન-જાવન કરી શકે છે, તેથી વધુ વ્યકિતઓ માટે પ્રતિબંધ લાગેલ છે. ત્યારે પોલીસના નિયમોનો ભંગ કરતા અને બિન જરુરી બહાર નીકળતા નાગરીકો સામે પોલીસ તંત્રએ સીસીટીવી ફુટેજને પગલે કાર્યવાહી શરુ કરી છે. ત્યારે ગાંધીનગર સીસીટીવી કંટ્રોલરૂમમાંથી મળતી માહિતી મુજબ અડાલજ પોલીસે જી.જે.૧૮. સી.એ.૮૩૬૮ નંબરના બાઈક પર ગાંધીનગર આવતા જતા રમેશજી માનાજી ઠાકોર (અંબાપુર)સામે ગુનો નોંધ્યો છે. જયારે પેથાપુર પોલીસે જી.જે.૧૮.એન.૮૯૧૫ નંબરના બાઈક પર ત્રણ સવારી નીકળેલા પીપળજ ગામના સરદારજી સોમાજી ઠાકોર, હાર્દિક દશરથજી ઠાકોર તેમજ કલોલના મુબારકપુરાનો અશોક સાગરભાઈ દેસાઈ અને સેકટર-૨૧ પોલીસે ઘ માર્ગ પર જી.જે.૧૮.ડી.સી.-૭૯૦૦ બાઈક પર ત્રણ સવારી નીકળેલા મુકેશભાઈ ખેતાજી સોલંકી (સે-૨૪),મીકીભાઈ શંકરભાઈ મારવાડી (આદીવાડા), મોહનભાઈ કંપાભાઈ મારવાડી, સામે ગુનો નોંધ્યો હતો. જયારે આ પ્રકારના ફુટેજની માહિતીને પગલે સેકટર-૨૧ પોલીસે જી.જે.૧૮.સી.એ.૭૩૯૭ નંબરના બાઈક ચાલકને શોધવા સેકટર-૨૩ ખાતે પહોંચી હતી. જો કે વાહન માલિક કિશોર પટેલ રેકર્ડ મુજબના સરનામાવાળુ ઘર એક વર્ષ પહેલા જ ખાલી કરી દીધુ હોવાનું સામે આવ્યું હતું. પેથાપુર પોલીસે પેટ્રોલીંગ દરમિયાન રાંધેજા ચોકડી પાસેથી જી.જે.૧૮.સી.પી.-૬૯૪૪ નંબરના બાઈક પર ભાવેશકુમાર મનોજભાઈ વાઘેલા (માણસા), કલ્પેશ ભીખાજી ઠાકોર, અને આનંદજી રજુજી ઠાકોર (ધોળાકુવાને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાંધેજાના યુવાનોએ મીની ટ્રકમાંથી સોપારી, ચુનો અને તમાકુ ભરેલા કટ્ટા પકડી પાડ્યા

## ૧૫૦૦ પેકેટ ભરેલા ત્રણ કટ્ટા તમાકુ મળી આવી : કુલ ૭૮ હજારનો સામાન તેમજ ૨ લાખની ટ્રક જપ્ત

ગાંધીનગર, તા.૩૦

લોકડાઉનના સમયગાળામાં ગ્રામ્ય વિસ્તારના નાગરીકોની કામગીરી પ્રસંશનીય રહેવા પામી છે. ત્યારે શહેરને અડીને આવેલા રાંધેજા ગામમાં પણ પ્રવેશદ્રાર પર ગામના સ્વયસેવકો બેઠા હતા. તે સમયે ગામમાં પ્રવેશતા પહેલા જ ટ્રકમાંથી સોપારી, ચુનો અને તમાકુનો મોટો જથ્થો પકડી પાડ્યો હતો અને પેથાપુર પોલીસને જાણ કરી હતી.રાંધેજા અંબાજી ભાગોળ નાકા પોઈન્ટ પર વરદાયની ટ્રાન્સપોર્ટ રાંધેજાની ૪૦૭ ટ્રક આવી હતી. જેથી સ્વયંસેવકો દ્વારા ટ્રક ચેક કરવામાં આવતા અંદરથી બે કટ્ટા આખી સોપારીના હતા.૧૫૦૦ પેકેટ ભરેલા ત્રણ કટ્ટા તમાકુ મળી આવી હતી. પેથાપુર પોલીસે તમાકુ, સોપારી, ચુનો અને મસાલાના પેકેટ મળી કુલ ૭૮ હજારનો સામાન તેમજ ૨ લાખની ટ્રક જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. જયારે આ તમામ સામાન લઈને આવેલા ભવાનજી અરજણજી ઠાકોર અને કાનાજી સેધાજી ઠાકોરને (રહે.રાંધેજા) પુછતા આ સામાન રાંધેજાના યાસીન મનસુરીને આપવાનો હોવાનું કહ્યુ હતુ.જેથી પોલીસે યાસીનના ઘરે રેઈડ પાડીને બીજા ૧૮ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.પોલીસે રાંધેજાના સરપંચને ફરીયાદી બનાવીને ચાર શખ્સો સામે જાહેરનામા ભંગ અને મહામારી અધિનિયમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે.



કોરોના મહામારીની સાવચેતી માટે જાગૃત શિવશકિત મંદિર ચોક, સેકટર-૩ ન્યુ ગાંધીનગરના વસાહતીઓ દ્વારા સ્વયં કોરેન્ટાઈન ભાગરૂપે રસ્તો બંધ કરી અવરજવર પર પ્રતિબંધ કરવામાં આવ્યો હતો.

# પેથાપુર પાસે કારમાંથી મસાલાના સામાન સાથે ત્રણ ઝડપાયા

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર નજીક આવેલા પીંપળજ નજીક કારમાં ગુટખાનો સામાન લઈને પેથાપુર તરફ જતા પેથાપુરના ત્રણ ઈસમોને પકડી પાડ્યા છે. પેથાપુર પોલીસ પેટ્રોલીંગમાં હતો તે સમય દરમિયાન વિજાપુર તરફથી આવી રહેલી જી.જે.૦૭.એ. આર.૩૩૧૯ નંબરની અલ્ટો કાર આવી હતી. પોલીસે કારને અટકાવી બહાર નીકળવા અંગે પુછપરછ કરી હતી પરંતુ કોઈ ચોક્કસ જવાબ આપી ન શકતા પોલીસે કારની તપાસ હાથ ધરી હતી.જેમાં પોલીસને ૧૧૫૦ ની કિંમતની તમાકુ, સોપારી અને ચુનાનો મુદ્દામાલ મળી આવ્યો હતો. પેથાપુર પોલીસે પેથાપુરના ત્રણ શખ્સો શાહરૂખ બાબુભાઈ મનસુરી, તાલિમ સિંકદરભાઈ બેલીમ, સાઝીદ શાહબુદીન મલેક સામે જાહેરનામા ભંગ અને મહામારી અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સેક્ટર-૧૭ સ્થિત ગ્રંથાલયને સેનીટાઇઝ કરવામાં આવ્યું



વર્તમાન સમયમાં પ્રવર્તી રહેલી કોરોના વાયરસની મહામારીના કારણે સીમિત સ્ટાફ સાથે સરકારી કચેરીઓ શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત સે-૧૭ સ્થિત રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય પણ સીમિત સ્ટાફ સાથે કાર્યરત છે. અહીં સામાન્ય સ્થિતિમાં ચાઈના વિદ્યાર્થીઓ તથા ગ્રંથાલયના નિયમિત વાંચકો સમાચાર પત્રકો સામાયિકો અને પુસ્તકો અને આપ-લે કરવા માટે આવતા હતા. લોક ડાઉન બાદ સ્ટાફ અને વાંચકો દરેક કોરોનાથી મુક્ત રહે તે બાબતને ધ્યાનમાં લઈ ગાંધીનગર મ્યુનિસિપાલટી ના સહયોગથી મધ્યસ્થ ગ્રંથાલયના દરેક વિભાગનું સેનિટેશન કરવામાં આવ્યું છે તેમ ગ્રંથપાલ નરેશ બી. પંડયા દ્વારા જણાવાયું છે.

# કોરોના સંક્રમણને અટકાવવા માટે અક્ષત આઈકોન સરગાસણ ખાતે પ્રવેશબંધી

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર કોરોના મુક્ત થઈ ગયું હતું ને અચાનક જ કેસમાં વધારો થવા લાગ્યો. આ પરિસ્થિતિને ધ્યાનમાં લઈને વહીવટીતંત્ર પણ ચિંતિત બન્યું છે. આ પરિસ્થિતિમાં સોસાયટીમાં કોરોના સંક્રમણ ન ફેલાય તે માટે સોસાયટીના જાગ્રત રહીશો રાજેન્દ્રકુમાર પંડ્યા, મહેશ શર્મા, પ્રદીપ પટેલ, વિકીરાજ પંડ્યા, શિવદત્ત પંડ્યા, ચેતન વ્યાસ તેમજ અન્ય સોસાયટીના સભ્ય દ્વારા જાતે જ પોતાની સુરક્ષા કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જે સંદર્ભે સોસાયટીના સભ્યોની દરકારના ભાગરૂપે સોસાયટીનો દરવાજો બંધ કરાયો છે. તેમજ સોસાયટીના સભ્યો સિવાય બહારના નાગરીકોને સોસાયટીમાં પ્રવેશ પર પ્રતિબંધ ઉપરાંત જીવન જરૂરિયાતની વસ્તુઓ લેવા જવા માટેનો સમય પણ નક્કી કરવામાં આવેલો છે. આ સાથે જ્યાં સુધી લોકડાઉન પતે નહી ત્યાં સુધી સોસાયટીમાં આ પ્રવેશબંધી અમલમાં રહેશે.

## ચિરવિદાય

- સ્વ. નિષા મહેશભાઈ દેસાઈ, ઉ.વ. ૧૦
- સ્વ. કમળાબેન કાન્તીલાલ મોદી, ઉ.વ. ૮૪